





# ભવિષ્યની ઈન્ટિગ્રેટેડ ટેક્નોલોજી દર્શાવાઈ





ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી, ગાંધીનગરમાં એન્યુઅલ ટેક્નિકલ સમિટ 'અમલ્થિઆ 2018'નું આયોજન કરાયું હતું. બે દિવસ ચાલેલા આ ટેક ફેસ્ટની આ નવમી એડિશન હતી. આ ઈવેન્ટમાં કોલેજ સ્ટુડન્ટ્સ, એન્જિનિયર્સ અને પ્રોફેશનલ્સે મોટી સંખ્યામાં હાજરી આપી હતી. આ વર્ષે આ સમિટની થીમ 'ઈન્ટિગ્રેટેડ ટેક્નોલોજીસ' રખાઈ છે. ઈવેન્ટના પહેલા દિવસે અહીં કોન્ક્લેવ ટોકમાં 'મૂન મેન ઓફ ઈન્ડિયા'ના નામથી જાણીતા સાયન્ટિસ્ટ ડો. જે એન ગોસ્વામી સાથે વાર્તાલાપ યોજાયો હતો. જે જે એન ગોસ્વામી ચન્દ્રયાન 1, ચન્દ્રયાન 2 અને મંગળયાનના નિર્માણ સાથે સંકળાયેલા છે. તો સાથે સેમસંગ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટના ભારતીય ચીફ ટેક્નોલોજી ઓફિસર ડો. આલોકનાથ ડેએ પણ સ્ટુડન્ટ્સ સાથે ભવિષ્યમાં એન્ટરટેઈનમેન્ટ અને તેમાં પણ ખાસ કરીને સ્ક્રીન બેઝ્ડ એન્ટરટેઈનમેન્ટમાં શું ફેરફાર થશે તે વિશે માહિતી આપી હતી. તો ભારતમાં પેમેન્ટ સંબંધી ઈનોવેશન વિશે માસ્ટર કાર્ડના ચીફ ટેક્નિકલ ઓફિસર કુશ સક્સેનાએ વાત કરી હતી. લાઈફ સાયન્સીસમાં આવનારા ચેન્જિસ વિશે મેટાહેલિક્સ લાઈફ સાયન્સિસના એમડી કે કે નારાયણને વાત કરી હતી.

બીજા દિવસે અહીં ફોર્બ્સ 30 અન્ડર 30 લિસ્ટમાં સ્થાન મેળવનારા એથિકલ હેકર અને ટેક સિક્યોરિટીના સીઈઓ ત્રિશનીત અરોરાએ સ્ટુડન્ટ્સ સાથે ચર્ચા કરી હતી. જ્યારે રોયલ એનફિલ્ડના ઈન્ડસ્ટ્રિયલ ડિઝાઈનના હેડ એસ શિવકુમારે સ્ટુડન્ટ્સ સાથે ડિઝાઈન અને ટેક્નોલોજી વિશે ચર્ચા કરી હતી.

અહીં યોજાયેલા સિમ્પોઝિયમમાં 'એડવાન્સિંગ સોલાર પાવર જનરેશન' થીમ પર પ્રોટોટાઈપ્સ અને ટોક્સ રજૂ થઈ હતી. આપણી ઈકોનોમી હજી સુધી ક્રુડ પર આધારિત છે. તો બીજી તરફ ક્રુડના ઉપયોગથી વિશ્વમાં ફેલાતા પ્રદૂષણને આપણે જાણીએ છીએ. તેવામાં સોલાર ટેક્નોલોજી ભારતને તેની ક્રુડ પરની નિર્ભરતામાંથી બહાર લાવશે. આ શક્યતાઓ વિશે અહીં વાતો કરાઈ હતી અને સાથે સ્ટુડન્ટ્સે બનાવેલા પ્રોટોટાઈપ્સ અને કંપનીઝના મોડેલ્સના એક એક્ઝિબિશનનું પણ આયોજન કરાયું છે. જેમાં બીએઆરસી, ઈન્ડિયન નેવી, ઓક્યુલસ રિફ્ટ, પ્લે સ્ટેશન વીઆર, નોવાબીન્સ અને કેએચએસ મશીનરીએ ભાગ લીધો છે.

પહેલા દિવસે અહીં ડ્રોન રેસિંગ, ઈલેક્ટ્રોનિકા, ટેક્નોક્વેસ્ટ, રોબોરેન્ચર, બ્રેઈનવીઝ અને ડ્રિફ્ટ જેવી ઈવેન્ટ્સનું આયોજન કરાયું હતું. આ ઈવેન્ટને 10000થી વધુ લોકોએ માણી હતી.

AhmedabadSamay

**Title:** Future integrated technology displayed
**Source:** Nav Gujarat Samay (Ahmedabad Samay, pg no. 4)
**Link:** http://epaper.navgujaratsamay.com//imageview_5038_45980_4_72_23-10-2018_4_i_1_sf.html
**Date:** 23-10-2018